**MAHESH R. SAKHIYA**
B.Com., LL.B, ADVOCATE
(GUJARAT HIGHCOURT)
(ENROLMENT NO. G/2096/2005 )

The Millennium, 508, 5th Floor,
Near Nana Mava Circle,150 Feet Ring Road,
RAJKOT. Ph. 0281-2962343

MAHESH R. SAKHIYA G/2096 GUJARAT HIGH COURT 2005 ADVOCATE

TO.

WHOM SO EVER IT MAY BE CONCERN.

Dear Sir,

**બાબત : ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ એન્ડ સર્ચ રીપોર્ટ.**

સ્થાવર મિલકતનું વર્ણન :–

રાજકોટ શહેરમાં સમાવિષ્ટ થયેલ મોજે ગામ **રૈયા–૨** ના રેવન્યુ સર્વે નં. ૧૩૬/૧ પૈકી ૩, ટી. પી. સ્કીમ નં. ૧ (રૈયા) ના એફ. પી. નં. ૬૫૧ થી ફાળવેલ જમીન ચો.મી. ૮૪૭૩–૦૦ ના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ પૈકી પ્લોટ નં. ૪ ની જમીન ચો.મી. ૨૦૨૧–૬૪ માંહેથી એડોસમેનટ એરીયા ચો.મી. ૩૬૪–૪૮ બાદ કરતા બાકી રહેતી નેટ જમીન ચો.મી. ૧૬૫૭–૧૬ ઉપર આવેલ કોમર્શીયલ હેતુ માટેના **"WEST GATE PLUS"** ના નામથી ઓળખાતા બિલ્ડીગ/પ્રોજેકટ અંગેની ફાઈલ આપના તરફથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ તથા સર્ચ રીપોર્ટ માટે મારી સમક્ષ રજુ થયેલ છે. જેમાં નીચે મુજબના પેપર્સ સામેલ છે.

**સ્થાવર મિલકતને લગતા ટાઈટલ ડીડઝ :–**

૧: રાજકોટ મ્યુ. કોર્પો. ના નં. ૫૨૭ તા. ૦૧–૧૧–૨૦૧૮ ના રોજથી મેળવેલ આરંભ પ્રમણપત્ર, બાંધકામ પરવાનગી તથા મંજુર થયેલ બિલ્ડીગ પ્લાનની નકલ.

૨: સ્વસ્તીક એન્ટરપ્રાઈઝ ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના નામના ગામ નમુના નં. ૨ ની ખરી નકલ.

૩: અનુ. નં. ૧૭૩૨ તા. ૧૭–૦૩–૨૦૧૮ ના રોજ સ્વસ્તીક એન્ટરપ્રાઈઝ ના નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ શ્રી નરેન્દ્રસિંહ પૃથ્વીસિંહ જાડેજા વિગેરેએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

૪: સ્વસ્તીક એન્ટરપ્રાઈઝ ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારી દસ્તાવેજની નકલ.

MAHESH R. SAKHIYA G/2096 GUJARAT HIGH COURT 2005 ADVOCATE

...૨/–

**MAHESH R. SAKHIYA**
B.Com., LL.B, ADVOCATE
(GUJARAT HIGHCOURT)
(ENROLMENT NO. G/2096/2005 )

The Millennium, 508, 5th Floor,
Near Nana Mava Circle,150 Feet Ring Road,
RAJKOT. Ph. 0281-2962343



૫: શ્રી નરેન્દ્રસિંહ પૃથ્વીસિંહ જાડેજા વિગેરે ના નામના રેવન્યુ રેકર્ડ ૭/૧૨, ૮–અ તથા ૬ નંબર હકકપત્રકની ઉતરોતર પ્રમોલગેશનથી નકલો.

૬: જીલ્લા કલેકટર સાહેબ–રાજકોટ ના હુકમ ક્રમાંક નં. એન.એ./લે.રે.કો.ક./૬૫/કિસ નં. ૨૮૮/૧૫–૧૬ તા. ૦૫–૦૪–૨૦૧૬ ના રોજથી મેળવેલ બીનખેતી હુકમની નકલ.

૭: મંજુર થયેલ લે–આઉટ પ્લાનની નકલ.

૮: રાજકોટ મ્યુ. કોર્પો. ના વર્ગીકરણ નં. ૧૬ તા. ૨૬–૧૧–૨૦૧૫ ના રોજથી મેળવેલ લે–આઉટ વિકાસ પરવાનગીની નકલ.

૯: અનુ. નં. ૪૬૭૪ તા. ૧૮–૦૩–૨૦૧૦ ના રોજ શ્રી નરેન્દ્રસિંહ પૃથ્વીસિંહ જાડેજા વિગેરે જોગ ગુજ. સ્વ. આમદ ભુરા સંધીના વારસો શ્રી ખમીશાભાઈ આમદભાઈ વિગેરે એ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

૧૦: રેગ્યુલર દિવાની દાવા નં. ૬૨/૨૦૧૦ માં તા. ૧૮–૦૩–૨૦૧૦ ના રોજ થયેલ સમાધાનની નકલ.

૧૧: તા. ૧૨–૦૩–૨૦૧૦ ના રોજના સંમતી આપનાર સોસાયટીના ઠરાવની નકલ.

૧૨: અનુ. નં. ૧૯૩૪ તા. ૨૪–૦૨–૧૯૯૨ ના રોજ શ્રી જયનાથ કો–ઓપ. હા. સો. લી. જોગ શ્રી આમદ ભુરા સંધી એ કરી આપે વેચાણ દસ્તાવેજની નકલ.

૧૩: નાયબ કલેકટરશ્રી રાજકોટના હુકમ નં. પ્રાક–જમન–ફા–વશી–૧૫૦ તા. ૩૧–૦૧–૧૯૯૨ ના રોજના હુકમની નકલ.

૧૪: ટી. પી. સ્કેચ તથા પુનઃવહેંચણી પત્રકની નકલ.

૧૫: શ્રી નરેન્દ્રસિંહ પૃથ્વીસિંહ જાડેજા વિગેરેએ તા. ૦૮–૦૫–૨૦૧૦ ના રોજ શ્રી દિનેશભાઈ ડાયાભાઈ ઢોલરીયા ની તરફેણમાં કરી આપેલ કુલમુખત્યારનામાની નકલ.

૧૬: ગુજ. સ્વ. આમદ ભુરા સંધી ના વારસદારો શ્રી ખમીશાભાઈ આમદભાઈ સંધી/વિકીયાણી વિગેરેએ તા. ૦૮–૦૫–૨૦૧૦ ના રોજ શ્રી હુસેનભાઈ તમાચીભાઈ સંધી (વિકીયાણી) વિગેરે ની તરફેણમાં કરી આપેલ કુલમુખત્યારનામાની નકલ.

૧૭: જીલ્લા કલેકટર સાહેબ–રાજકોટના હુકમ નં. લેન્ડ–રીવીઝન–૧૦૮(૬) કેસ નં. ૮૨/૧૦–૧૧ તા. ૧૬–૧૦–૨૦૧૨ ના રોજના હુકમની નકલ.

...૩/–

**MAHESH R. SAKHIYA**
B.Com., LL.B, ADVOCATE
(GUJARAT HIGHCOURT)
(ENROLMENT NO. G/2096/2005 )

The Millennium, 508, 5th Floor,
Near Nana Mava Circle,150 Feet Ring Road,
RAJKOT. Ph. 0281-2962343



૧૮: નાયબ કલેકટર સાહેબ–રાજકોટના હુકમ નં. પ્રાક–અપીલ–૧૦૮(૫) કેસ નં. ૮૯/૨૦૧૦ તા. ૩૦–૧૦–૨૦૧૦ ના રોજના હુકમની નકલ.

૧૯: શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિમયન) અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૨૦(અ) મુજબ મુકિત મળવા અંગેના હુકમની નકલ.

૨૦: આજદિન સુધીની જમીન મહેસુલ તથા શિક્ષણ ઉપકર ભર્યાની પહોંચ.

ઉપરોકત દસ્તાવેજોનો અભ્યાસ કરતા આ મીલ્કતના ઉતરોતર માલીકી હકકની હકિકત નીચે મુજબ છે.

**–:: જનરલ હિસ્ટ્રી ::–**

(૧) ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ–ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ મહાનગર પાલીકાની હદમાં સમાવિષ્ટ થયેલ મોજે ગામ રૈયાની રેવન્યુ સર્વે નં. ૧૩૬/૧ પૈકી ની ખેડવાણ જમીન એકર ૨૦–૩૨ ગુંઠાની નવી માપણી થતા, નવી માપણી મુજબ મુળ ખાતેદાર શ્રી સંધી ભુરા રાણાના નામે અને ખાતે કરવામાં આવેલ, જે અંગેની નવી માપણી મુજબની નોંધ રેવન્યુ રકેર્ડ હકકપત્રકમાં નોંધ નં. ૪૪૫ તા. ૦૧–૦૧–૧૯૬૩ ના રોજથી પ્રમાણીત કરાવામાં આવેલ છે.

(૨) રાજકોટ મહાનગર પાલીકાની હદમાં સમાવિષ્ટ થયેલ મોજે ગામ રૈયાની રેવન્યુ સર્વે નં. ૧૩૬/૧ પૈકી ની ખેડવાણ જમીન એકર ૨૦–૩૨ ગુંઠા તથા અન્ય સર્વે નબંરોની ખેડવાણ જમીનની ભાયુંભાગે વહેંચણી થતા, શ્રી સંધી આમદ ભુરાના ભાગે રે. સ. નં. ૧૩૬/૧ પૈકીની ખેડવાણ જમીન એકર ૧૨–૨૦ ગુંઠા તેના સ્વતંત્ર નામે અને ખાતે કરવામાં આવેલ, જે અંગેની ભાયુભાગની વહેંચણીની નોંધ રેવન્યુ રકેર્ડ હકકપત્રકમાં નોંધ નં. ૭૩૩ તા. ૧૨–૦૪–૧૯૮૪ ના રોજથી પ્રમાણીત કરાવામાં આવેલ છે.

MAHESH R. SAKHIYA
GUJARAT HIGH COURT
ADVOCATE

...૪/–

**MAHESH R. SAKHIYA**
B.Com., LL.B, ADVOCATE
(GUJARAT HIGHCOURT)
(ENROLMENT NO. G/2096/2005 )

The Millennium, 508, 5th Floor,
Near Nana Mava Circle,150 Feet Ring Road,
RAJKOT. Ph. 0281-2962343



(૩) રાજકોટ મહાનગર પાલીકાની હદમાં સમાવિષ્ટ થયેલ મોજે ગામ **રૈયા**ની રેવન્યુ સર્વે નં. ૧૩૬/૧ પૈકીની ખેડવાણ જમીન એકર ૨–૧૮ ગુંઠા જે શ્રી સંધી આમદ ભુરાએ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૧૯૩૪ તા. ૨૪–૦૨–૧૯૯૨ ના રોજ શ્રી જયનાથ કો–ઓપ. હા. સો. લી. ને વેચાણ આપેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં. ૬ નંબર હકકપત્રકમાં નોંધ નં. ૪૩૮૮ થી પ્રમાણીત થયેલ છે.

(૪) ત્યારબાદ રાજકોટ મહાનગર પાલીકાની હદમાં સમાવિષ્ટ થયેલ મોજે ગામ **રૈયા**ની રેવન્યુ સર્વે નં. ૧૩૬/૧ પૈકીની ખેડવાણ જમીન એકર ૨–૧૮ ગુંઠા જે નાયબ કલેકટર સાહેબ–રાજકોટએ તેમના હુકમ ક્રમાંક નં. પ્રાક–અપીલ–૧૦૮(૫)–કેસ નં. ૮૯/૨૦૧૦ તા. ૩૦–૧૦–૨૦૧૦ ના રોજથી રેવન્યુ રેકર્ડમાં ૬ નંબર હકકપત્રકમાં દાખલ થયેલ નોંધ નં. ૪૩૮૮ રદૃ કરેલ છે. જે હુકમ મુજબની નોંધ રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં. ૬ નંબર હકકપત્રકમાં નોંધ નં. ૧૭૫૪૦ થી પ્રમાણીત થયેલ છે. અને સદરહું જમીન મુળ ખાતેદાર શ્રી સંધી આમદ ભુરા ના નામે અને ખાતે થયેલ છે.

(૫) શ્રી સંધી આમદ ભુરા નું તા. ૦૯–૦૫–૧૯૯૫ ના રોજ અવસાન થતા તેમના સીધીલીટીના વારસદારો શ્રી ખમીશાભાઈ આમદભાઈ વિગેરેએ ગામ **રૈયા**ની રેવન્યુ સર્વે નં. ૧૩૬/૧ પૈકીની ખેડવાણ જમીન એકર ૨–૧૮ ગુંઠામાં વારસાઈ નોંધ દાખલ કરાવેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં. ૬ નંબર હકકપત્રકમાં નોંધ નં. ૧૮૧૧૯થી પ્રમાણીત થયેલ છે.

(૬) ત્યારબાદ ગામ **રૈયા**ની રેવન્યુ સર્વે નં. ૧૩૬/૧ પૈકીની ખેડવાણ જમીન એકર ૨–૧૮ ગુંઠામાં શ્રી આરબભાઈ ખમીશાભાઈએ તેમની હૈયાતીમાં તેમના સીધીલીટીના વારસદારો શ્રી રૂકસાના આરબભાઈ વિગેરે–૩ ના નામો દાખલ કરેલ છે. જે અંગેની હૈયાતીમાં હકક દાખલની નોંધ રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં. ૬ નંબર હકકપત્રકમાં નોંધ નં. ૧૮૫૪૨ થી પ્રમાણીત થયેલ છે.

...૫/–

**MAHESH R. SAKHIYA**
B.Com., LL.B, ADVOCATE
(GUJARAT HIGHCOURT)
(ENROLMENT NO. G/2096/2005 )

The Millennium, 508, 5th Floor,
Near Nana Mava Circle,150 Feet Ring Road,
RAJKOT. Ph. 0281-2962343




(૭) ત્યારબાદ ગામ **રૈયા**ની રેવન્યુ સર્વે નં. ૧૩૬/૧ પૈકીની ખેડવાણ જમીન એકર ૨–૧૮ ગુંઠામાં શ્રી ઈબ્રાહીમભાઈ ખમીશાભાઈએ તેમની હૈયાતીમાં તેમના સીધીલીટીના વારસદાર શ્રી નાસીરભાઈ ઈબ્રાહીમભાઈ નું નામ દાખલ કરેલ છે. જે અંગેની હૈયાતીમાં હકક દાખલની નોંધ રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં. ૬ નંબર હકકપત્રકમાં નોંધ નં. ૧૮૫૪૩ થી પ્રમાણીત થયેલ છે.

(૮) ત્યારબાદ ગામ **રૈયા**ની રેવન્યુ સર્વે નં. ૧૩૬/૧ પૈકીની ખેડવાણ જમીન એકર ૨–૧૮ ગુંઠા જે શ્રી ખમીશાભાઈ આમદભાઈ વિગેરેએ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૪૬૭૪ તા. ૧૮–૦૩–૨૦૧૦ ના રોજથી શ્રી નરેન્દ્રસિંહ પૃથ્વીસિંહ જાડેજા વિગેરેને વેચાણ આપે છે. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં. ૬ નંબર હકકપત્રકમાં નોંધ નં. ૧૮૫૪૫ થી પ્રમાણીત થયેલ છે.

(૯) ત્યારબાદ શ્રી નરેન્દ્રસિંહ પૃથ્વીસિંહ જાડેજા વિગેરે એ સદરહું જમીનને રહેણાંકના હેતુ માટે બીનખેડવાણ કરાવવા માટે રાજકોટ મ્યુ. કોર્પો. માંથી વર્ગીકરણ નં. ૧૬ તા. ૨૬–૧૧–૨૦૧૫ ના રોજથી લે–આઉટ પ્લાન મંજુર કરાવેલ છે. અને મંજુર થયેલ લે–આઉટ પ્લાન મુજબ સદરહું જમીનને બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૬૫ હેઠળ રાજકોટ જીલ્લા કલેકટર સાહેબની કચેરીમાં અરજી કરતા, જીલ્લા કલેકટર સાહેબ–રાજકોટએ તેમના હુકમ ક્રમાંક નં. એન.એ./લે.રે.કો.ક./૬૫/કિસ નં. ૨૮૮/૧૫–૧૬ તા. ૦૫–૦૪–૨૦૧૬ ના રોજથી બીનખેડવાણ કરી આપેલ છે. અને બીનખેતી હુકમ મુજબની નોંધ રેવન્યુ રેકર્ડ ૬ નંબર હકકપત્રકમાં નોંધ નં. ૨૧૧૧૧ થી પ્રમાણીત થયેલ છે.

(૧૦) ત્યારબાદ ાજકોટ શહેરમાં સમાવિષ્ટ થયેલ મોજે ગામ **રૈયા–૨** ના રેવન્યુ સર્વે નં. ૧૩૬/૧ પૈકી ૩, ટી. પી. સ્કીમ નં. ૧ (રૈયા) ના એફ. પી. નં. ૬૫૧ થી ફાળવેલ જમીન ચો.મી. ૮૪૭૩–૦૦ ના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ પૈકી પ્લોટ નં. ૪ ની જમીન **ચો.મી. ૨૦૨૧–૬૪** જે શ્રી નરેન્દ્રસિંહ પૃથ્વીસિંહ જાડેજા વિગેરેએ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૧૭૩૨ તા. ૧૩–૦૩–૨૦૧૮ ના રોજથી સ્વસ્તીક એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો શ્રી હર્ષદભાઈ પોપટભાઈ માલાણી વિગેરેને વેચાણ કરેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં. ૨ માં અનુક્રમ નં. ૨ થી પ્રમાણીત થયેલ છે.

...૬/–

# MAHESH R. SAKHIYA

B.Com., LL.B, ADVOCATE
(GUJARAT HIGHCOURT)
(ENROLMENT NO. G/2096/2005 )

The Millennium, 508, 5th Floor,
Near Nana Mava Circle,150 Feet Ring Road,
RAJKOT. Ph. 0281-2962343




(૧૧) ત્યારબાદ સદરહું **પ્લોટ નં. ૪** ની જમીન ચો.મી. ૨૦૨૧–૬૪ માંહેથી એડોસમેનટ એરીયા ચો.મી. ૩૬૪–૪૮ બાદ કરતા બાકી રહેતી નેટ જમીન **ચો.મી. ૧૬૫૭–૧૬** ઉપર વાણીજય હેતુ માટેના બિલ્ડીગનું બાંધકામ કરવા માટે રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનની કચેરીમાંથી રીવાઈઝડ બાંધકામ પરવાનગી નં. ૩૩૫ તા. ૦૪–૦૨–૨૦૨૧ ના રોજથી મેળવી, મંજુર થયેલ રીવાઈઝડ બિલ્ડીગ પ્લાન મુજબ **બેઝમેન્ટમાં** બે સ્ટોર, સેલર પાર્કિંગ, લીફટ તથા રેમ્પ તથા **ગ્રાઉન્ડ ફલોરમાં** આઠ દુકાનો સાત ડબલ્યુસી, એક લેડીઝ તથા એક જેન્ટસ ડબલ્યુસી, હેન્ડીકેપ ટોયલેટ, કવર્ડ તથા ઓપન પાર્કિંગ, સીડી, લીફટ તથા પેસેજ તથા **ફર્સ્ટ ફલોર થી થર્ડ ફલોરમાં** દરેક ફલોર ઉપર ચાર ઓફીસ, ચાર ડબલ્યુસી, ચાર સી.બી., સીડી, લીફટ તથા પેસેજ મળી કુલ ૮ દુકાનો તથા **૧૨** ઓફીસોનું બાંધકામ કરેલ છે. અને સદરહું બિલ્ડીગને **"WEST GATE PLUS"** નામ આપેલ છે. એ રીતે સદરહું બિલ્ડીગ /પ્રોજેકટ સ્વસ્તીક એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીની સુવાંગ માલીકી અને સંપુર્ણ કબજા ભોગવટાનો આવેલ છે. જેમાં તેમના સીવાય અન્ય કોઈનો લાગભાગ, હકક, હિત, હિસ્સો નથી.

સદરહું ઉપરોકત મિલકત ઉપર સ્વસ્તીક એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી ભાગીદારી પેઢી એ રાજકોટ પિપલ્સ કો–ઓપરેટીવ બેંક લી., રાજકોટ માંથી મોર્ગેજ લોન લીધેલ છે. અને તે અંગેનું ડિડ ઓફ મોર્ગેજ અનુ. નં. ૮૩૪૮ તા. ૨૮–૧૨–૨૦૨૦ ના રોજથી રજીસ્ટર્ડ કરાવેલ છે. અને સદરહું મિલકતની અસલ દસ્તાવેજ સાથેની ફાઈલ રાજકોટ પિપલ્સ કો–ઓપરેટીવ બેંક લી., રાજકોટ માં ગીરો તરીકે મુકેલ છે.

આમ, રાજકોટ પિપલ્સ કો–ઓપરેટીવ બેંક લી. ની મોર્ગેજ લોન સીવાય ઉપરોકત દર્શાવેલ મિલકતના ટાઈટલ સબંધે કોઈ વ્યાજબી શંકા રહેતી નથી અને અમોએ રાજકોટની સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં લીધેલ સર્ચ જેના અરજી નં. ૪૯૨૪ રસીદ નં. ૨૦૨૧૦૨૨૦૦૬૮૮૨ તા. ૧૭–૦૩–૨૦૨૧ તથા અરજી નં. ૩૧૮૪ રસીદ નં. ૨૦૨૧૦૨૫૦૦૫૮૨૬ તા. ૧૭–૦૩–૨૦૨૧ ના રોજ ૧૯૯૦ થી ૨૦૨૧ સુધીની "૩૦" વર્ષની શોધ કરેલ છે. સર્ચ દરમ્યાન ઉપર જણાવેલ મીલકત સંબંધે સબ–રજીસ્ટ્રાર ઓફીસમાં કોઈ વાંધાજનક વિગત મળી

...૭/–

**MAHESH R. SAKHIYA**
B.Com., LL.B, ADVOCATE
(GUJARAT HIGHCOURT)
(ENROLMENT NO. G/2096/2005 )

The Millennium, 508, 5th Floor,
Near Nana Mava Circle,150 Feet Ring Road,
RAJKOT. Ph. 0281-2962343



આવેલ નથી. સદરહું મીલકત ઉપર કોઈનો ગીરો, બક્ષીસ, ચાર્જ કે લીયન નથી કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર થયેલ નથી. અત્રે ઉલ્લેખ કરેલ દસ્તાવેજો વિચાર હેઠળ લેવામાં આવેલ છે. તે સમગ્ર હકીકત તપાસતા મારો અભિપ્રાય નીચે મુજબ છે.

**<u>અભિપ્રાય :</u>**

ઉપરોક્ત જણાવેલ વર્ણન વાળી મિલકત ઉપર રાજકોટ પિપલ્સ કો–ઓપરેટીવ બેંક લી. નો બોજો છે તે બોજા સીવાય સદરહું મિલકતના ઉતરોતર ફાઈલમાં રજુ થયેલ દસ્તાવેજો તથા ટાઈટલની ચકાસણી કરતા સદરહું મિલ્કત ચોખ્ખી, કલીયર અને લોનેબલ અને માર્કેટેબલ છે.

આ સાથે આપની ફાઈલ તથા અમોએ કરેલ સર્ચની પહોંચ પરત કરેલ છે.

નોંધ :– દરેક પેઈજ ઉપર મારી ટુંકી સહી કરેલ છે.

સ્થળ :– રાજકોટ.
તારીખ :– ૧૮–૦૩–૨૦૨૧

મહેશ આર. સખીયા
એડવોકેટ

MAHESH R. SAKHIYA
GUJARAT HIGH COURT
ADVOCATE

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રૈયા રે.સ.નં-136/1 પૈકી 3 ટીપી-1 એફ.પી 651 પ્લોટ નં-4 ની જમીન ચો.મી 1657.16

Search in : RAJKOT-1/RAJKOT-1

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૧૦૨૨૦૦૬૮૮૨ | અરજી નંબર | ૪૯૨૪ | અરજી વર્ષ | ૨૦૨૧ |
| તારીખ | ૧૭ | માહે | માર્ચ | સને | ૨૦૨૧ |

રજુ કરનારનું નામ એમ.આર.સખીયા(એડ)શોધ

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.............. | |
| શેરોની નકલ કરવા માટે ફી.................... | |
| ટપાલ ખર્ચ.................................... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | |
| શોધ અગર તપાસણી.............Year: 1990 1998 | ૧૦૦.૦૦ |
| દંડ કલમ-૨૫.................................. | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........................ | |
| નકલ ફી ફોલીયો.............................. | |
| ઈન્ડેક્ષ-૨ ફી ................................ | |
| કુલ એકંદરે રૂ. | ૧૦૦.૦૦ |

અંકે રૂપીયા એક સો શુન્ય પુરા

દસ્તાવેજ ---------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ---------------- આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

B. K. CHAVADA
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 1

અંકે રૂ. : 100.00
20210317394315395

સબ રજીસ્ટ્રાર, રાજકોટ - 1

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સ.નં. 136/1 પૈકી 3 ટીપીનં. 1 એફ પી નં. 651 પ્લોટનં. 4 ની જમીન ચો.મી. 1657.16

Search in : રૈયા-1 /RAIYA-1

| પહોંચ નંબર | ૨૦૨૧૦૨૫૦૦૫૮૨૬ | અરજી નંબર | ૩૧૮૪ | અરજી વર્ષ | ૨૦૨૧ |
|---|---|---|---|---|---|
| તારીખ | ૧૭ | માહે | માર્ચ | સને | ૨૦૨૧ |

રજુ કરનારનું નામ એમ આર સખીયા (એડ) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી.......... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.......... | |
| શેરોની નકલ કરવા માટે ફી.......... | |
| ટપાલ ખર્ચ.......... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ).......... | |
| શોધ અગર તપાસણી............Year: 1998 2021 | ૨૫૦.૦૦ |
| દંડ કલમ-૨૫.......... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ).......... | |
| નકલ ફી ફોલીયો.......... | |
| ઈન્ડેક્ષ-૨ ફી .......... | |

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-4 (RAIYA) સબ રજીસ્ટ્રારની (સિક્કો) રાજકોટ-૪ (રૈયા)

| કુલ એકંદરે રૂ. | ૨૫૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા બે સો પચાંસ પુરા

દસ્તાવેજ તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

---------- ના દિવસે તૈયાર થશે અને ---------------- આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

RAHUL KANTIBHAI JANI
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 4

અંકે રૂ. : 250.00
20210317334000063

સબ રજીસ્ટ્રાર, રાજકોટ - 4